૮

વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ધોરણ-૮ માટે શિક્ષકોની હંગામી જગ્યાઓની મુદત વધારવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૪/૮૩૫૨૦૬/ન.બા.3/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩૧/૦૮/૨૦૨૦.

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૯/૦૫/૨૦૧૫નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૭/૦૫/૨૦૧૬નો ઠરાવ.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૫/૦૨/૨૦૧૯નો ઠરાવ.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૮/૦૧/૨૦૨૦નો પત્ર નં. સસુખા/અપગ/૨૦૧૯-૨૦/૫૯.

<u>આમુખ :-</u>

વિકલાંગોના કલ્યાણક્ષેત્રની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ધોરણ-૮ માટે ૧૮ શિક્ષકોની ભરતી કરવાની મંજુરી વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૧૯/૦૫/૨૦૧૫ના ઠરાવથી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક: (૨) પરના વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૬ના ઠરાવથી આ ૧૮ શિક્ષકોની હંગામી જગ્યાઓની મુદત તા.૨૮/૦૨/૨૦૧૭ની સુધી વધારવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલા ક્રમાંક: (3) પરના વિભાગના તા.૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવથી ૧૮ જગ્યાઓ પૈકી ૨ જગ્યાઓ રદ કરી ૧૬ જગ્યાઓની મુદત પાશ્ચાતવર્તી અસરથી તા.૦૧/03/૨૦૧૭ થી તા.૨૮/૦૨/૨૦૧૯ સુધી વધારવા તેમજ તે પૈકી ૪ જગ્યાઓને એબેયન્સમાં મૂકી ૧૨ જગ્યાઓની મુદત તા.૦૧/03/૨૦૧૯ થી તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી વધારવા જરૂરી શરતોને અધીન મંજૂરી આપવામાં આવેલ છે.

એબેયન્સમાં ગયેલ ૪ જગ્યાઓ પુન:જીવિત કરી તા.૦૧/૦૩/૨૦૧૯ થી તા.૨૯/૦૨/૨૦૧૯ સુધી પાશ્ચાતવર્તી અસરથી તેમજ આ પછી નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ તમામ ૧૬ જગ્યાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી વધારી આપવા બાબતે ક્રમાંક: (૪) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ભરાયેલી ૧૬ જગ્યાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી વધારી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૪) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને નીચેના કોષ્ટકમાં દર્શાવેલ ભરાયેલી ૧૨ જગ્યાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી વધારી આપવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૦૪ જગ્યાઓ તા.૦૮/૧૨/૨૦૧૬ એટલે કે ત્રણ વર્ષ કરતાં વધુ સમયગાળા માટે ખાલી રહેલ હોઈ, રદ કરવામાં આવે છે.

બોલીઓ અને શરતો વિભાગના તા.૧૯/૦૫/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવમાં જણાવ્યા પ્રમાણેથી યથાવત રહેશે.

આ જગ્યાઓને તાત્કાલિક નિયમોનુસાર નિયમિત ભરતી પધ્ધતિથી ભરવાની રહેશે.

| અ.ન. | સંસ્થાનું નામ | ભરેલ છે જગ્યા | તારીખથી ખાલી |
|---|---|---|---|
| ૧ | બહેરા મુંગા શાળા આશ્રમ રોડ ,અમદાવાદ | હાં | |
| ૨ | મહિલા જાગૃતિ અભિયાન સંચાલિત બહેરા મુંગા શાળા દહેગામ ,જી .ગાંધીનગર | હાં | |
| ૩ | શ્રી જે.બી. ઉપાધ્યાય બહેરા-મૂંગા શાળા, સાબરકાંઠા. | નાં | ૮-૧૨-૨૦૧૬ |
| ૪ | વી .એચ. ગાંધી બહેરા મૂંગા મોડાસા | હાં | |
| ૫ | હિંમતનગર નાગરિક સહકારી બેંક સંચાલિત બહેરા મુંગા શાળા ,હિંમતનગર | હાં | |
| ૬ | કમળાબેન બધિર વિધાલય કારેલીબાગ વડોદરા | હાં | |
| ૭ | મુબધિર વિકાસ ટ્રસ્ટ સંચાલિત બહેરા મુંગા શાળા ,કમિશ્નરશ્રીના બંગલા પાસે ,સુરત | હાં | |

| | | | |
|---|---|---|---|
| ૮ | બ.ઇ. નાયક બહેરા-મૂંગા શાળા ગાંધીધાર કછોલી અમલાસાડ, નવસારી. | હાં | |
| ૯ | ગ.કી. નાયક બધિર કન્યા શાળા અમલાસાડ, નવસારી. | હાં | |
| ૧૦ | શ્રી ખીલ બહેરા મુંગા શાળા ,૫૧ ,વિધાનગર , ભાવનગર | હાં | |
| ૧૧ | શ્રી એસ.જી. બ્રહમભટ્ટ બધિર વિદ્યાલય તલાવડી પાસે નડીયાદ. | હાં | |
| ૧૨ | શ્રી પ્ર.સ. કોઠારી બહેરા-મૂંગા શાળા વિજલપોર, જલાલપોર, નવસારી. | હાં | |
| ૧૩ | અંધશાળા આશ્રમ રોડ ,અમદાવાદ | હાં | |
| ૧૪ | અંધ અપંગ કલ્યાણ કેન્દ્ર ,ઘાટલોડિયા , અમદાવાદ | નાં | ૮-૧૨-૨૦૧૬ |
| ૧૫ | શ્રીમતી એમ કે. મહેતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય પાલનપુર. | ના | ૮-૧૨-૨૦૧૬ |
| ૧૬ | પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સંચાલિત અંધ મહિલા કેળવણી કેન્દ્ર ,લોક વિધાલયની બાજુમાં ,મૂળી રોડ ,સુરેન્દ્રનગર | નાં | ૮-૧૨-૨૦૧૬ |

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૧૭/૦૮/૨૦૨૦ની નોંધ તેમજ અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૧/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.